સુવિચાર : વિશ્વના એક એક માણસને સમૃદ્ધ કરવા જેટલી પૃથ્વી સમૃદ્ધ છે, પણ પાર વિનાના લોભે માણસને સ્વાર્થી ઝેરીલો બનાવી દીધો છે- માનસસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૨૫ | ૧૪ જુલાઇ, ૨૦૧૫, મંગળવાર ; અધિક અષાઢ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



**પાકિસ્તાનનો યુ ટર્ન : મુંબઈ હુમલામાં તપાસ ઝડપી નહીં બને**
Page-6



રથયાત્રાની તૈયારીઓ પૂર જોશમાં ચાલી રહી છે. ભગવાનનું મામેરુ મંદિરમાં લવાયું હતું. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજે કલેક્ટર કચેરી આવતુ ચૂંટણી પંચ

## સાબરકાંઠા, અરવલ્લી અને ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાઓના વાંધા સાંભળી પ્રશ્નો સાથે પરામર્શ કરાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રાજ્ય ચૂંટણી પંચ આજે શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના સીમાંકન સહિત રાજકીય પ્રશ્નો સાથે પરામર્શ કરશે.

ચૂંટણી કમિશનર શ્રી ડૉ. વરેશ સિંહાની આગેવાનીમાં પંચના સચિવ શ્રી મહેશભાઈ જોશી તેમજ નાયબ ચૂંટણી કમિશનશ્રી અને અન્ય અધિકારીઓની ટીમ બપોર બાદ કલેક્ટર કચેરી ખાતે આવી પહોંચશે.

ગાંધીનગર, અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાની મળી ચાર જેટલી નગરપાલિકાઓના નવા સીમાંકન જાહેર થયેલા છે. આ માટે પંચને મળેલા વાંધાઓ ઉપર રજુઆતો

● અનુસંધાન પાન-૭ પર

# ખાલી જગ્યાઓ તાકીદે ભરવા ચૂંટણીપંચની સૂચના

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યમાં ચૂંટણી પૂર્વે ચૂંટણી વિષયક કામગીરી સંભાળનાર અધિકારીઓની ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરી દેવા માટે રાજ્ય ચૂંટણી પંચે તાકીદ કરી છે.

રાજ્ય ચૂંટણી પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સામાન્ય વહીવટ વિભાગ, મહેસુલ વિભાગ તેમજ પંચાયત વિભાગને પંચ દ્વારા આ તાકીદ કરી દેવામાં આવી છે એટલુ જ નહિ આ માટે રાજ્ય સરકારનું પણ ધ્યાન દોરવામાં આવ્યુ છે.

ચૂંટણી પંચે દરેક જિલ્લામાં ચૂંટણી વિષયક કામગીરી માટેની જગ્યાઓ પણ હંગામી મહેકમની મંજૂર કરી મોકલી આપી છે અને તેના પર નિમણુંકો આપવામાં પણ વિલંબ ના થાય તે જોવા તાકીદ કરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ પંચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ તેની કવાયતો આરંભી દીધી છે અને ઓગષ્ટના પ્રથમ પખવાડિયા પછી તેમાં ગતિ આવશે.

મળતી વિગતો પ્રમાણે ઓગસ્ટના અંતમાં અથવા તો સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં ચૂંટણીઓ અંગેની વિધિવત્ ઘોષણા કરી દેવામાં આવશે.

પંચ હાલ જે રીતે કામગીરી કરી રહ્યું છે તે જોતા પહેલાં મનપા અને નગરપાલિકાઓની ચૂંટણી અને ત્યારબાદ જિલ્લા તાલુકા પંચાયતની ચૂંટણીઓ યોજવામાં આવશે. જો કે પ્રક્રિયા સપ્ટેમ્બરથી જ આરંભી દેવામાં આવશે.

**ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત**
**ગિરીશ રાવલ કોલેજ ઑફ સાયન્સ**
(ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન)
મોટા ચિલોડા, ગાંધીનગર ૩૮૨૩૫૫

**પ્રવેશ જાહેરાત**
વર્ષ ૨૦૧૫-૧૬ ના શૈક્ષણિક સત્ર માટે B.Sc. Sem-1 માં પ્રવેશ શરૂ છે. પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ કોલેજ કાર્યલયનો સંપર્ક કરી પ્રવેશ ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતો ભરી આવશ્યક પ્રમાણપત્રોની નકલો સાથે સત્વરે જમા કરાવી દેવા.

**વિષયો**
કેમેસ્ટ્રી, ફિઝીક્સ, માઈક્રોબાયોલોજી, બોટની, મેથેમેટીક્સ

**સંપર્ક**
ડૉ. ડી.એન.વ્યાસ
(M) 9727764824, સમય : 11:00 to 5:00
Email:girishravalbsc@gmail.com

# સારવારથી રજા અપાયા બાદ બે મહિલા દર્દીઓને રિપોર્ટ કોલેરા પોઝીટીવ મળ્યો !!

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઝાડા-ઉલ્ટીની બિમારીને પગલે દાખલ થયેલ બે મહિલા દર્દીઓને સારૂ થઈ જતાં રજા અપાયા બાદ રિપોર્ટ કોલેરા પોઝીટીવનો આવ્યો છે. જે પૈકી એક કેસ દહેગામના હાલીસાનો અને એક કેસ સે. ૩૦નો હોવાનું જાણવા મળેલ છે.

**એક મહિલા સે. ૩૦માં એક રહે છે તો બીજી મહિલા દહેગામ તાલુકાના હાલીસાની વતની છે ગ્રામ્ય વિસ્તારમાં છ કેસ અને શહેરમાં ૩ કેસ**

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકાના હાલીસા ગામની ૪૫ વર્ષીય મહિલાને સખત ઝાડા-ઉલ્ટી થતાં સારવાર માટે શુક્રવારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતી.

આ મહિલાને બે દિવસની સઘન સારવારને પગલે સારૂ થઈ જતાં સવારે રજા આપવામાં આવી હતી.

બપોરના સમયે આ દર્દીના ઝાડા-ઉલ્ટીનો રિપોર્ટ તંત્રને મળ્યો હતો. જેમાં કોલેરા પોઝીટીવ દર્શાવાયો હતો. આથી સિવિલ તંત્રએ તાત્કાલિક જિલ્લા આરોગ્ય તંત્રનું ધ્યાન દોર્યું હતું.

તંત્રએ ગામમાં જઈ દર્દીની મુલાકાત લીધી તેમજ દર્દીના ઘરની આસપાસના વિસ્તારોમાં સર્વે કરતાં કોઈ નવા કેસ મળ્યા ન હતા.

જો કે હાલીસામાં પુરા ફોર્સ સાથે પેય જળનો પુરવઠો નહિ મળતો હોવાથી પાઈપલાઈનમાં પંચર કરી અને ટોટી દ્વારા પાણી મેળવતા હોવાનું જણાતાં તંત્ર ચોંકી ઉઠ્યુ હતું.

● અનુસંધાન પાન-૭ પર

દિવાળી વેકેશનમાં રજા પરંતુ પ્રવાસોમાં રજા નહિ...
• કેરાલા • સાઉથ
• કાશ્મીર • હિમાચલ
• આંદામાન-નિકોબાર By Air
• જોધપુર-જેસલમેર By Bus
રેલ્વે બુકીંગ ૧૨૦ દિવસ પહેલા
નવભારત ટ્રાવેલ્સ
૪, ગણેશ પ્લાઝા, નવરંગપુરા, અમદાવાદ
Ph: 40208020/9825804077 & 79

સેકટર 6D, સહીયર ગરબા ગ્રાઉન્ડ પર મોજ-મસ્તીનો ખજાનો એટલે
ફોન : ૯૮૨૪૭૯૧૮૮૯
ફન પાર્ક
સમય : સાંજે ૫.૦૦ થી
સ્થળ : સેકટર 6D, સહીયર ગરબા ગ્રાઉન્ડ, વીટકોસ ડેપો પાસે, ગાંધીનગર.



પ્રવેશ ફી ફક્ત રૂ. ૧૦/-
રાઈડ્સ રૂ. ૨૦/-
બાળકો માટે ખાસ રાઈડ્સનો આનંદ
ટોરાટોરા, જાયન્ટ વ્હીલ, ડ્રેગન, બ્રેક ડાન્સ તેમજ બીજી અન્ય રાઈડ્સ

# મેલેરીયા નાબુદીનો માર્ગ ઘડીએ

ભારત સરકાર



## મેલેરીયાની સામેની લડાઈમાં સહયોગ આપો

### લક્ષણ
- તાવ
- ઠંડી લાગવી
- માથાનો દુ:ખાવો
- શરીરનો દુ:ખાવો
- ઉલ્ટીઓ થવી

### જો તમારામાં આ લક્ષણો દેખાય, તો
- તુરંત જ સ્વાસ્થ્ય કર્મચારીનો સંપર્ક કરો અથવા નજીકના સ્વાસ્થ્ય કેન્દ્ર પર જાઓ.
- આરડીટી અથવા માઈક્રોસ્કોપીથી લોહીની ચકાસણી કરાવો
- જો લોહીની ચકાસણીનું પરીણામ પોઝીટીવ આવે તો ખાસ દવાઓનો ઉપયોગ ડોક્ટરની સલાહથી કરી પૂર્ણ ઉપચાર કરાવો

### અગમચેતી
- મેલેરીયાના મચ્છરો સ્વચ્છ અને સ્થિર જળમાં ઉત્પન્ન થાય છે, આથી
  - આપના મકાનની આસપાસ પાણીને જમા ન થવા દો
  - બધા જ પાણીના સંગ્રહસ્થાનોને ઢાંકીને રાખો
  - કૂવા, તળાવો તથા મોટા જળાશયોમાં મચ્છરોના લાર્વાને ખાવાવાળી ગમ્બુશિયા માછલીઓને નાંખો
- મલેરીયા ફેલાયો હોય તેવા ગ્રામ્ય ક્ષેત્રોના મકાનોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ યોગ્ય સમયે કરો
- મચ્છરો કરડે નહી તે માટે મચ્છરદાની તથા મચ્છરોને ભગાડવાવાળી ગોળીઓનો ઉપયોગ કરો
- મેલેરીયા ઉપચારનો કોર્સ પૂર્ણ કરો તેને અધુરો ન મૂકો
- ગર્ભવતી મહિલાઓ તથા બાળકોને મેલેરીયા થવાનો ભય વધુ હોય છે.

## સરકારી સ્વાસ્થ્ય કેન્દ્રો પર મેલેરીયાનો ઉપચાર નિ:શુલ્ક કરવામાં આવે છે.

davp 17102/13/0017/1516

NVBDCP | NATIONAL HEALTH MISSION | સ્વચ્છ ભારત એક કદમ સ્વચ્છતા તરફ | બેટી બચાવો બેટી પઢાવો

રાષ્ટ્રીય વેક્ટર જનિત રોગ નિયંત્રણ કાર્યક્રમ
સ્વાસ્થ્ય સેવા મહાનિર્દેશાલય
સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય
ભારત સરકાર ; www.nvbdcp.gov.in
www.mohfw.nic.in, www.pmindia.gov.in www.mygov.in